# 32

**અધ્યાપક સહાયકોને કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમના લાભ**

* 15/4/1097 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા)** : પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૮-૦૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક: ૩૪૪૪ (અગ્રતા-૮૦)ના અનુસંધાને **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | અધ્યાપક સહાયકોની પાંચ વર્ષની ફીક્સ પગારની નોકરી સંતોષકારક પૂર્ણ થયા બાદ નિયમિત પગાર ધોરણમાં નિમણૂક પામેલ છે તેવા અધ્યાપક સહાયકોની પાંચ વર્ષની ફીક્સ પગારની નોકરીને સળંગ ગણી કેરીયર એડવાન્સમેન્ટ (સી.એ.એસ.)ના લાભો આપવાની બાબત સરકારના વિચારણા હેઠળ હતી તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત વિચારણા પૂર્ણ કરીને ક્યારથી ઉક્ત લાભ આપવામાં આવેલ છે, અને | (૧) | અધ્યાપક સહાયકોની પાંચ વર્ષની ફિક્સ પગારની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃતિ વિષયક લાભો માટે સળંગ ગણવા વિભાગના તા.૧૩-૧૨-૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: **ED/MSM/e-file/3/2022/0963/KH** થી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૨) | જો ઉક્ત સ્થિતિએ વિચારણા પૂર્ણ ન થયેલ હોય તો તે ક્યાં સુધીમાં પૂર્ણ કરીને ઉક્ત લાભ આપવામાં આવશે **?** | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------------------------------------